**<u>સુરતના મહે. પંદરમાં એડી. સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં., સુરત</u>**

**ફોજદારી કેસ નં. 46125/2021**

**<u>આંક –૧ તળેનો હુકમ</u>**

૧) સદર કામે વિ.એ.પી.પી.શ્રીએ આંક–૩ થી ક્રિ.પ્રો.કોડની કલમ –૩૨૧ મુજબની વિડ્રો પુરસીસ ધ્યાને લીધી તથા હાલના કેસનું રેકર્ડ જોતા પુરતા પ્રયત્નો કરવા છતાં આરોપીને પ્રોસેસની બજવણી થઇ શકેલ નથી અને આરોપીની ટ્રાઇલ દરમ્યાન હાજરી સુનિશ્રિત કરી શકાઇ નથી. અત્રેની કોર્ટ દ્વારા ક્રિ.પ્રો.કોડની કલમ ૩૨૧ ની જોગવાઈ તથા નામ. સુપ્રિમ કોર્ટના Rajendra Kumar Jain Etc. Vs State Through Special Police ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ને ધ્યાનમાં લીધા. આ સંજોગોમાં ન્યાયના હિતમાં ક્રિ.પ્રો.કોડની કલમ ૩૨૧ અન્વયે સદર ફોજદારી કેસ પરત ખેચવા એ.પી.પીશ્રીનાઓને પરવાનગી આપવામાં આવે છે અને સદર કેસમાં આરોપીને બિનતહોમત મુક્ત કરવા આદેશ કરવામાં આવે છે.

૨) વધુમાં ભવિષ્યમાં આરાપીને ફરીયાદપક્ષ રજુ કરે અથવા આરોપી સામેથી રજુ થાય તો સદર કેસની કાર્યવાહી ક્રિ.પ્રો.કોડની કલમ ૩૦૦(૫) મુજબ શરુ કરવાના ફરીયાદ પક્ષના હક્કને આ હુકમથી બાધ રહેશે નહી.

૩) મુદ્દામાલ દેશી/ ઇંગ્લીશ દારુનો સમય વિત્યે નાશ કરવો અને તે સિવાયનો મુદ્દામાલ વાહન અને મોબાઇલની માલીકીની ખરાઇ કરી પરત કરવો અને જો અગાઉ કોઇ વચગાળાનો હુકમ થયેલ હોય તો તેને કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

૪) રોકડ મુદ્દામાલ હોય તો તે શ્રી સરકાર ખાતે ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

૫) કેસ રજીસ્ટરે હુકમની નોંધ કરવી.

હુકમ આજ રોજ તા.૨૨ મી માહે જુન સને ૨૦૨૪ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા. ૨૨/૦૬/૨૦૨૪ (કે. બી. ભાવસાર)

સુરત ૧૫માં એડી.જયુડી. મેજી. ફ. ક., સુરત

જી. જે. ૦૧૭૫૫